# આનંદાલય

अर्धवार्षिक मूल्यांकन कसोटी

ધોરણ – ૬

विद्या सर्वार्थ साधिका

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦

તા: ૩૦.૦૯.૨૦૨૩ | સમય : ૧ કલાક

નામ: ______________________ ધોરણ: ________ ક્રમાંક : ________

**પ્રશ્ન:૧ નીચે આપેલા અંકોને શબ્દોમાં લખો.** ૧/૨×૪=૨

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૧ | |
| ૨ | ૨૫૦૦ | |
| ૩ | ૫૨૦૦ | |
| ૪ | ૮૬૧૨ | |

**પ્રશ્ન:૨ નીચે આપેલા પ્રશ્નોના જવાબ બે ત્રણ વાક્યમાં લખો.** ૧×૪=૪

૧ ઘુવડોનો રાજા દરરોજ રાતે શું કરતો હતો ? તે તમારા શબ્દોમાં લખો.

૨ કાગડાઓએ ઘુવડોને કેવી રીતે મારી નાખ્યા ?

3 કાવ્યમાં કોને હિંદમાતાનાં સંતાનો કહેવામાં આવ્યા છે ?

| |
|---|
| |
| |
| |
| |
| |

૪ લીલા ઘાસ વિશે શિયાળે બકરાને શું કહ્યું ?

| |
|---|
| |
| |
| |
| |
| |

**પ્રશ્ન:3 નિર્દેશ પ્રમાણે લખો.**

**(અ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.** ૧×૪=૪

| | | |
|---|---|---|
| ૧ | વૃક્ષ | |
| ૨ | વંદન | |
| 3 | ચતુર | |
| ૪ | જંગલ | |

**(બ) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો.** ૧×૪=૪

| | | |
|---|---|---|
| ૧ | દિવસ | |
| ૨ | શુભ | |
| 3 | રોગી | |
| ૪ | મૂર્ખ | |

**પ્રશ્ન:૪ નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.** ૧×૨=૨

૧ વૃદ્ધ કાગડો ________________ ભેગા કરવા લાગ્યો.

૨ શિયાળે તરત જ ______________ લગાવીને તેની પીઠ પર ચઢી ગયું.

**પ્રશ્ન:૫ નીચે આપેલ વાર્તાને આધારે પ્રશ્નોનાં જવાબ લખો.** ૧×૪=૪

એક વાર નદીને પોતાના પાણીના પ્રચંડ વહેણ ઉપર અભિમાન થયું. તેને લાગ્યું કે મારામાં એટલી તાકાત છે કે હું પહાડ, મકાન, ઝાડ, પશુઓ, માનવ વગેરે બધાંને વહાવી લઈ જઈ શકું છું.

તેણે ઘણાં ગર્વીલા સ્વરે સમુદ્રને કહ્યું, "કહો જોઈએ, તમારા માટે શું લાવું? મકાન, પશુ, માનવ, વૃક્ષ જે કંઈ તમે કહેશો તે હું તમારા માટે મૂળ સહિત ઉખાડીને લઈ આવીશ! "

સમુદ્રને સમજાઈ ગયું કે નદીને અભિમાન આવી ગયું છે. તેણે નદીને કહ્યું, "જો તું મારા માટે કંઈક લાવવા જ ચાહતી હોય તો જમીન પર ઊગેલું થોડું ઘાસ ઉખાડી લાવ."

નદીએ સાગરને અભિમાનમાં કહ્યું, "બસ, આટલું જ માંગ્યું! હમણાં જ લઈ આવું." નદીએ પોતાના જળનું સઘળું જોર અજમાવ્યું. પણ ઘાસ તો ઉખડ્યું જ નહીં! નદીએ અથાગ પ્રયત્નો કર્યાં, પણ વ્યર્થ. આખરે નદી સમુદ્ર પાસે ગઈ અને બોલી, "હું વૃક્ષ, મકાન, પહાડ વગેરે તો ઉખાડીને લાવી શકું છું પણ જ્યારે જ્યારે ઘાસને ઉખાડી લાવવાની કોશિશ કરું છું ત્યારે ત્યારે એ નીચે તરફ ઝૂકી જાય છે અને મારે ખાલી હાથે તેની ઉપરથી પસાર થઈ જવું પડે છે."

સમુદ્રએ નદીની વાત ધ્યાનથી સાંભળી અને પછી હસતા હસતા કહ્યું, "જે પહાડ અને વૃક્ષની જેમ કઠોર હોય છે તે આસાનીથી ઉખડી જાય છે પણ ઘાસ જેવી વિનમ્રતા જેણે શીખી લીધી હોય, તેને પ્રચંડ આંધી - તોફાન કે પ્રચંડ વેગ પણ ઉખાડી શકતા નથી. "

જીવનમાં ખુશીનો અર્થ લડાઈઓ લડવી એમાં નથી, બલ્કે એમનાથી બચવામાં છે. કુશળતા પૂર્વક પીછેહઠ પણ ક્યારેક જીતનું કારણ બને છે. અભિમાન ફરીશ્તાઓને પણ શેતાન બનાવી દે છે અને વિનમ્રતા સાધારણ મનુષ્યને પણ ફરીશ્તો બનાવી દે છે.

૧ નદીને શા માટે અભિમાન હતું ?

| |
|---|
| |
| |
| |
| |

૨ સમુદ્રએ નદી પાસે શું માગ્યું ?

| |
|---|
| |
| |
| |
| |

૩ નદી ઘાસને કેમ ના ઉખાડી શકી ?

| |
|---|
| |
| |
| |
| |

૪ આ વાર્તા તમને શું શીખ આપે છે ?

| |
|---|
| |
| |
| |
| |